


# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## મોક્ષદાતા મહારાજ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

"હું તો અડધી રાત્રે દોડું રે ભક્તોને કાજે
સુખ મારા સર્વે છોડું રે ભક્તોને કાજે."

ભગવાન પોતાના ભક્તોને માટે સર્વ કાંઈ કરવા તત્પર હોય છે. ચાહે તેટલાં કષ્ટ પડે તો સહન કરવા તૈયાર હોય છે. પોતે લીધેલી ટેક ભક્તોને માટે તોડવા તૈયાર થઈ જાય છે. જો કે મહાભારતમાં શ્રીકૃષ્ણ ભગવાને ટેક લીધેલી કે હું હથિયાર નહીં લઉં. પ્રભુની ટેક તોડાવવા માટે ભીષ્મ પિતાએ શ્રીકૃષ્ણ પ્રભુ ઉપર અસંખ્ય બાણ વર્ષા કરી. તેમ છતાં પ્રભુએ હથિયાર લીધું નહિ. પરંતુ જ્યારે પોતાના ભક્ત અર્જુન ઉપર ભીષ્મપિતાએ શક્તિ પ્રહાર કર્યો એટલે તરત જ પ્રભુએ હાથમાં રથનું સ્પેર વ્હીલ સુદર્શન ચક્રની જેમ ધારણ કરી લીધું અને અર્જુનની રક્ષા કરી. આમ ભગવાન પોતાના સંતો માટે, ભક્તો માટે પોતાનું ઐશ્વર્ય ભૂલી જઈને તેમનાં સુખ માટે પ્રયાસ કરે છે.

વાત એમ છે કે સ્વામિનારાયણ ભગવાન પોતાના સંતો-ભક્તોની સાથે સૌરાષ્ટ્રથી નીકળીને ગુજરાતના દંઢાવ્ય દેશમાં વિચરણ કરવા, ભક્તોને સુખ દેવાં પધારી રહ્યાં હતાં. વિ.સં. અઢારસોને છોત્તેરની એ સાલ હતી. પ્રભુ સૌરાષ્ટ્રથી ગુજરાત આવતાં વચ્ચે અનેક ગામોમાં ભક્તોને દર્શન સુખ આપતાં આપતાં ઉત્તર ગુજરાતના કલોલ ગામે પધાર્યા. ત્યાંથી શેરથા થઈ ડાંગરવા પધાર્યા. ત્યાંથી કરજીસણ, વડુગામ થઈ ઓળાના ભક્તોને ઉભા ઉભા દર્શન દઈ ચાલ્યા તે મોટી આદરજ પધાર્યા. ત્યાં અન્નકૂટનો મહા મોટો મહોત્સવ કરી ત્યાંથી કોલવડા ગામ થઈ ઉનાવા પધાર્યા. ત્યાંથી નારદીપુર, માણસા થઈ વિહારગામ પધાર્યા. ત્યાંથી શ્રીહરિના પાર્ષદ ડુંગરજી ભક્તનું ગામ ગેરીતા થઈને બામણવા ગામે પધાર્યા.

આપણે આજે જે વાત કરવી છે તે આ બામણવા ગામની છે. ગામના ભાવિક ભક્તોએ ઘેર ઘેર ભગવાનને પધરાવી પૂજા કરી. સંતોની પૂજા કરી પછી ગામની બહાર આવીને બધાએ ઉતારો કર્યો અને શ્રીહરિ જમ્યા પછી સંતોને જમવા બેસાડ્યા.

સાંજનો સમય હતો. ગામના સહુ ભાવિકો સાંજે ભેંસો દોહીને જે કોઈ દૂધ લાવ્યા હશે તે શ્રીહરિએ સંતોને પીરસ્યું. બરાબર એ જ સમયે બાજુમાં એક પાટીદારનું ઘર હતું. એને ત્યાં ચાર-પાંચ ભેંસો હતી. એક બહેન ભેંસો દોહતી હતી. તે મુમુક્ષુ જીવ હતી. તેના આત્માનું કલ્યાણ કરવા માટે પરમાત્મા શ્રીહરિ તેની પાસે પહોંચ્યા. અને ખૂબજ હેતથી તે બાઈને કહેવા લાગ્યા કે હે બહેન ! અમે કાંઈ વારે વારે તમારા ગામમાં આવવાનાં નથી. આ તો આજે આવ્યા છીએ અને કાલે ચાલ્યા જવાના. અને તમે જુઓ આ અમારા સંતો તમારી બાજુમાં જ - એમ કહીએ છીએ કે તમારા ઘરના બારણામાં જ જમવા બેઠા છે. તોય ચાલે. એટલે અમે તો તમારા મહેમાન કહેવાઈએ. અને તમારે જેમ બાળક છે તેમ અમારે આ બધાં બાળકો છે. પ્રભુએ સંતો જમતા હતા તેની સામે હાથ લાંબો કર્યો. માટે આ બધું દૂધ તમે અમને આપી દો. એટલે તરત પીરસી દઈએ.

"ભીખ માંગને આયા તેરે ઘર,
જગત કા પાલન હારા રે....."

જગતનો પાલનહાર આજે પોતાના સંતો માટે એક

બહેન આગળ જાણે કે ભીખ માંગતા હોય તેમ કહેવા લાગ્યા. અને આ બહેન પણ કેવી દેવી જીવ હશે ! તે પ્રભુના કહેવાથી બધું દૂધ આપી દીધું. પ્રભુએ દૂધ ગાળ્યું અને સંતોને પીરસે તે પહેલાં એ બાઈ બોલી કે મારા દેખતાં, પહેલાં તમે દૂધ પીઓ. અને ભગવાન શ્રીહરિએ દૂધ પીધું. અને પછી સંતોને દૂધ-ભાત પીરસ્યાં. જમી પરવારીને પછી બધા ઉતારે આવ્યા અને કીર્તન-ધૂન્યની રમઝટ ચાલી.

ધન્ય છે એ ધર્મ કુમારને, ધન્ય છે એ બામણવા ગામને, ધન્ય છે એ પાટીદાર બહેનને કે જેણે ભગવાનને ઓળખ્યા અને - તેરા તુજકો અર્પણ - જેણે આપ્યુ છે તેને આપવાનું છે એમ સમજી ભગવાનના વચને દૂધ આપી, જીવન ધન્ય બનાવી પોતાના મોક્ષનું પાકું કરી લીધું.

●

## એકાદશી વ્રતનો મહિમા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સુમેધા નામનો કોઈ એક ધર્મિષ્ઠ બ્રાહ્મણ હતો. તેને પવિત્રા નામે પતિવ્રતા પત્ની હતી. પ્રારબ્ધ યોગે બ્રાહ્મણ ખૂબ નિર્ધન હતો. પેટ પૂરતું ખાવા કે પહેરવા વસ્ત્ર પણ ન હતું. તેની પત્ની ભૂખી રહીને પણ પતિને જમાડતી. ઘેર આવેલા અતિથિ સાધુ, સંતને યથાશક્તિ ભાવથી જમાડતી. ઘરમાં અનાજ નથી તેવું કોઈ દિવસ કહેતી નહીં. દુઃખમાં અને ભૂખમાં અતિ દૂબળી થઈ ગયેલી પોતાની પત્નીને જોઈ તેને ઘણું દુઃખ થતું. એક દિવસે તે પત્નિને કહેવા લાગ્યો. આપણું દારિદ્ર દૂર કરવા શું કરવું ? હે કલ્યાણી ! ધનવાનોની પાસે ધન ઘણું છે. માગું છું તો તેઓ આપતા નથી. ધન વિના ઘર કેમ ચાલે ? માટે તું કહે તો ધન કમાવા માટે પરદેશ જાઉં. કહ્યું છે કે કાર્યની સિધ્ધિ ઉદ્યમ વિના થતી નથી.

પતિનાં વચન સાંભળીને ચતુર પત્ની કહેવા લાગી કે પૂર્વજન્મમાં જો દાન કર્યું હોય તો જ આ જન્મમાં તેનું ફળ મળે છે. જેણે પૂર્વજન્મમાં અન્ન, ધન, દાન કશું આપ્યું ન હોય તે ગમે ત્યાં જાય, સોનાના પર્વત ઉપર જાય તો પણ તેને કંઈ મળતું નથી. માટે પૂર્વે મેં અથવા તમે સત્પાત્રને કાંઈપણ આપ્યું નહિ હોય માટે આપણને કાંઈ મળતું નથી. પ્રયત્ન કરવાથી પ્રભુ થોડું અન્ન આપી દે છે. એમાં ખુશ રહો, ક્યાંય જવું નથી. પત્નીનાં વચન સાંભળીને સુમેધા બ્રાહ્મણ ઘેર જ રહ્યો.

એક દિવસે કૌડીન્ય મુનિ એમના ઘેર આવ્યા. પતિ પત્નીએ તેમને પ્રણામ કર્યા. આસન ઉપર બેસાડી પૂજા કરી. પછી એ બ્રાહ્મણ પત્ની નમ્રતાથી હાથ જોડી પૂછવા લાગી મુનિરાજ ! અમારૂં દરિદ્રપણું દૂર થાય એવો ઉપાય બતાવો. ત્યારે મુનિ વિચાર કરીને કહેવા લાગ્યા કે તમે અધિક માસના કૃષ્ણપક્ષની પરમા (કમલા) એકાદશી જે અતિ ઉત્તમ છે તેનું વિધિપૂર્વક વ્રત કરી ઉપવાસ કરો. રાત્રે જાગરણ કરી ભગવાનનાં કીર્તનો ગાઓ. એવી રીતે આ વ્રત કરવાથી તમે સુખી થશો. અને સાથે સાથે મુનિએ પંચરાત્રી વ્રતનો વિધિ પણ કહ્યો. પરમા (કમલા) એકાદશીથી આરંભી પાંચ દિવસ સુધી એક વખત ભોજન કરી જેઓ બ્રાહ્મણને જમાડે અને પાંચ દિવસ સુધી દરરોજ જળનો ભરેલો ઘડો તલપાત્ર દાનમાં આપે તે આલોક અને પરલોકમાં સુખી થાય છે. કૌડિન્ય ઋષિનાં કહેવાથી બંનેએ આ વ્રત કર્યું. વ્રત પૂર્ણ થયું. ત્યારે રાજ દરબાર તરફથી સમૃદ્ધિથી ભરેલું ઘર દાનમાં મલ્યું અને આજીવિકા માટે એક ગામ રાજાએ આપ્યું.

આમ અધિક માસની પરમા (કમલા) એકાદશીનું વ્રત કરવાથી પંચરાત્ર વ્રતના પ્રભાવથી સુમેધા બ્રાહ્મણ આલોકમાં ઘણું સુખ ભોગવી અંતે વૈકુંઠમાં ગયો.

એકાદશીના વ્રતનો ખૂબ જ મહિમા છે. જે શ્રધ્ધાપૂર્વક એકાદશીઓનું વ્રત કરે છે તે આલોક, પરલોકમાં જરૂર સુખી થાય છે. માટે જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત માત્રને શિક્ષાપત્રીમાં એકાદશીનું વ્રત આદરથી કરવાની આજ્ઞા કરી. અને વચનામૃતમાં પણ એકાદશીના ઉત્પતિની કથા સ્વમુખે વિસ્તારથી કહી સંભળાવી અને સાચું એકાદશીનું વ્રત કર્યું કોને કહેવાય. તે રહસ્ય સમજાવ્યું.

માટે ભગવાનના ભક્તોએ મુમુક્ષુઓએ એકાદશીનું વ્રત જરૂરથી કરવું જોઈએ.